સત્યથી કષ્ટ પડે તો પણ
સત્ય ન છોડવું જોઇએ,
અસત્યથી લાભ થતો હોય
તો પણ તેનો આશ્રય ન લેવો
- રોબર્ટ બેન્સન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૮ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૨, સોમવાર; નિજ ભાદરવા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજકીય આટાપાટામાં અટવાયેલા સમાજનો વિકાસ રૂંધાય : મુખ્યમંત્રી






## અખિલ આંજણા કેળવણી મંડળની શૈક્ષણિક યાત્રાને બિરદાવી રજત મહોત્સવ નિમિત્તે સતદલ ગ્રંથનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૧૬

રાજકીય આટાપાટામાં અટવાયેલા સમાજનો વિકાસ રૂંધાય છે. પરંતુ સમાજ શિક્ષણના સરળ માધ્યમને અપનાવી બદલાતા પરિવર્તનો સાથે કદમ મિલાવે તેની પ્રગતિ નિરંતર ગતિશીલ રહે છે. અખિલ આંજણા કેળવણી મંડળના રજત મહોત્સવ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યમાં સ્પોર્ટસ યુનિવર્સિટી સાથે પ્રત્યેક જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ શરૂ કરવાની વાત કરી સશક્ત ચૌધરી સમાજના યુવક-યુવતિઓને શિક્ષણની જેમ રમતગમત ક્ષેત્રે પણ આગળ વધવા હાંકલ કરી છે.



(તસવીર : દિપક જાની)

અખિલ આંજણા કેળવણી મંડળને ૨૫ વર્ષ પૂર્ણ થતા આજે રજત મહોત્સવની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેળવણી મંડળની શૈક્ષણિક યાત્રાને બિરદાવી ૧૯ સંસ્થાઓની વિકાસ રૂપરેખા દર્શાવતા ગ્રંથ શતદલનું વિમોચન કર્યુ હતું. કૃષિ અને પશુપાલનની સાથે સમાજની ભાવિ પેઢીના સશક્તિકરણ માટે કન્યાઓને શિક્ષિત બનાવવાના અભિગમની પ્રસંશા કરી હતી. આજની શિક્ષિત કન્યાઓ પ્રત્યેક ક્ષેત્રમાં બે કદમ આગળ હોવાનું જણાવી તેમણે ઉત્તર ગુજરાતમાં દર હજારે ૭૫ દીકરીઓ ઓછી જન્મે છે. તે બાબતે ચિંતા વ્યક્ત કરી સ્ત્રીભૃણ હત્યા ન થાય તે માટે અપીલ કરી હતી. તેમણે આંજણા ચૌધરી સમાજ શસક્ત હોવાનું જણાવી સમાજના યુવક-યુવતીઓ રમતગમત ક્ષેત્રે પોતાનુ સામર્થ્ય દાખવે તેઓ અનુરોધ કર્યો હતો. આ તબક્કે રાજ્યના રમતવીરો માટે સ્પોર્ટસ યુનિવર્સિટી સ્થાપવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

દૂધ સાગર ડેરીના અધ્યક્ષ વિપુલ ચૌધરીએ પણ શ્રમ અને સંપુણતા મુલ્યોનું જતન કરવા જણાવ્યું હતું. રજત મહોત્સવના સમારોહ દરમિયાન સંસ્થાના પ્રમુખ મણીભાઈ ચૌધરી, રાજ્યમંત્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી, સંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન અશોક ભાવસાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે વિશાળ સંખ્યામાં સમાજના સભ્યોની ઉપસ્થિતિમાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.








